# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

**વંચાણે લીધા :** માનનીય ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગનાં નાયબ સચિવશ્રી પેન્શન અને તિજોરી, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : તજર–૧૦૨૦૧૩–૬૪૮૨૫૨–ઝ, તા.૧૧.૧૦.૨૦૧૯.

**ટોચ અગ્રિમતા**

# પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, હાલમાં દિવાળીના તહેવારને ધ્યાનમાં લઈ સરકારશ્રીના વંચાણે લીધેલ ઠરાવથી ઓકટોબર–૨૦૧૯ માસનો પગાર ચાલુ માસમાં તા.૨૧,૨૨,૨૩–૧૦–૨૦૧૯ દરમ્યાન ચૂકવી આપવાનું ઠરાવેલ છે જે ધ્યાને લઈ નીચેની વિગતના બીલોનું ચુકવણું સમય મર્યાદામાં દિવાળી પહેલા કરી શકાય તે હેતુને ધ્યાનમાં લઈ નીચે મુજબ બીલો મોકલવાની તારીખ નકકી કરવામાં આવે છે.

| અ.નં. | બીલનો પ્રકાર | બીલ રજુ કરવાની તારીખ |
|---|---|---|
| ૧. | માહે ઓકટોબર–૧૯ નાં પગાર–ભથ્થાં / તફાવત / ફીકસ પગાર તેમજ પેન્શન બીલો | ૧૬.૧૦.૨૦૧૯ ના રોજ સાંજ સુધીમાં |
| ૨. | તમામ પ્રકારના કન્ટીજન્સી / મજુર મસ્ટર / ઉચ્ચક દરે રોકવામાં આવેલ રોજમદારના બીલો / બાંધકામના બીલો | ૨૧.૧૦.૨૦૧૯ ના રોજ સાંજ સુધીમાં |

ઉપરોકત સમય મર્યાદામાં નિયમોને આધિન રહી બીલો અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે, જેથી બીલોનું દિવાળી પહેલા સમયસર ચુકવણું કરી શકાય.

**આ બાબતને ટોચ અગ્રિમતા આપવા વિનંતી છે.**

જા.નં.નકૃયુ/વવહિઅધિ/બી.૧/ ૨૧૭૩ / ૨૦૧૯

નવસારી તારીખ : ૧૪/ ૧૦ / ૨૦૧૯

**હિસાબ નિયામક**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાના પ્રતિશ્રી,**

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રી તરફ
૨: તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ
૩: તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ થતા ઘટતુ થવા સારૂ